ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



શેરનાં ભાવ તમે જાણો... મને દાળનાં ભાવ કહો... જેથી મારે શું રાંધવું એ ખબર પડે...!!

# અડાલજ નજીક હીટ એન્ડ રનનાં બે બનાવમાં ત્રણના મૃત્યુ

**અજાણ્યા વાહનની અડફેટે કોબા-અંબાપુર માર્ગ પર બાઈકસવાર બે યુવાનો મોતને ભેટ્યા : ઝુંડાલ પાસે રસ્તો ઓળંગતા પ્રૌઢનું અજાણ્યા વાહનની અડફેટે સારવાર દરમ્યાન મૃત્યુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક સ્થિત અડાલજ આસપાસના વિસ્તારમાં હીટ એન્ડ રનનાં બે બનાવોમાં ત્રણના મૃત્યુ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. કોબા-અંબાપુર માર્ગ પર આજે બપોરે અજાણ્યા વાહનની અડફેટે બાઈક પર સવાર બે યુવાનોનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. તો બીજી તરફ ઝુંડાલ માર્ગ પર રસ્તો ઓળંગતા અજાણ્યા વાહનની અડફેટે ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. બંને અકસ્માતોમાં અકસ્માત બાદ આરોપીઓ વાહન સાથે રફફુચક્કર થઈ ગયા હતા અને હજુ પણ આરોપી કે તેના વાહનનો કોઈ જ પત્તો નથી..! અડાલજ પોલીસે બંને ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મહેસાણાના કડી તાલુકાના નંદાસણ વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષિય જાવેદ જાકીરભાઈ સૈયદ અને ૪૦ વર્ષિય હારૂનભાઈ કુરેશી બંને લાકડાના વેપારી નંદાસણથી અમદાવાદ તરફ બાઈક નં. જીજે-૨.સીબી.૭૭૮૧ લઈને જઈ રહ્યા હતા. બપોરના અરસામાં કોબા-અંબાપુર માર્ગ પર તેઓ પહોંચ્યા ત્યાં કોઈ અજાણ્યા વાહને બાઈકને અડફેટે લઈ લેતા બંને બાઈક સવારોનું ઘટનાસ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. બનાવ બાદ પળવારમાં જ આરોપી વાહન સાથે ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ૨૧ ઓક્ટોબરના રોજ બપોરે અઢી વાગ્યાના અરસામાં ઝુંડાલ પાસે રસ્તો ઓળંગી રહેલા ૫૫ વર્ષિય દિલીપસિંહ બિહોલાને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતાં ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા બાદ આજે હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન તેમનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે.

આ અકસ્માત કોણે કર્યો અને કયું વાહન હતું તે પણ હજુ કોઈ જાણતુ નથી. અડાલજ પોલીસે બંને હિટ એન્ડ રનના ગુના નોંધી તપાસ આરંભી છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે જગન્નિયતા મા અંબાના દર્શન કરવા અંબાજીની યાત્રાએ ગયા હતા.

● રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી ગઈકાલે રાત્રે એસ.જી. હાઈવેની નર્મદા કેનાલ નજીકની હોટલમાં ભોજન માટે ગયા હતા.

● ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રોફેસરોને આ વખતે સમયસર દિવાળી વેકેશન માણવા મળશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઈ.સી.સી.યુ. અને વી.આઈ.પી. વોર્ડ નવા સંકુલમાં ખસેડી દેવાયા છે.

● ગુજરાત જર્નાલિસ્ટ ફ્રેન્ડઝ દ્વારા અમદાવાદમાં પત્રકાર-પરિવારના ગરબાનું આયોજન કરાયું હતું.

● આજથી શરૂ થતા સપ્તાહમાં બન્ને રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ થશે.

# આપનો એક વોટ ભારતને ગૌરવ અપાવશે

## નાસા દ્વારા શોધાયેલા નવા તારા અને તેના ઉપગ્રહને શ્રી રામ મતી અને ભગવતીદેવી શર્માના નામ નોમીનેટ કરાયા

ગાંધીનગર, તા. ૨૫

આંતરરાષ્ટ્રીય સંસ્થા નાસા દ્વારા અવકાશમાં એક નવા તારાની તથા તેના ઉપગ્રહની શોધ કરાઈ છે. આ ગ્રહનું નામ આપવા માટે નાસા દ્વારા વિશ્વના કેટલાક મહાપુરૂષો અથવા સ્થાનોના નામ અંગે અભિપ્રાય માંગવામાં આવ્યો છે. જે માટે કુલ ૭ નામ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ભારતના ગાયત્રી વિદ્યાપીઠના શ્રીરામ મત અને ભગવતીદેવી શર્માનું નોમીનેશન કરાયું છે.

નાસા દ્વારા શોધાયેલ નવા તારાને હાલ ટાઉ બુટિસ અને તેના ઉપગ્રહને ટાઉબુટિસ-બી નામ અપાયું છે. આ તારાને તથા તેના ઉપગ્રહને કાયમી નામ પ્રદાન કરવા વિશ્વભરમાં ઈલેક્ટ્રોનિક વોટીંગના આધારે નિર્ણય લેવાશે. આ નામોમાં ભારતના ગાયત્રી પરિવારના શ્રી રામ મતી તથા ભગવતી દેવી શર્માના નામોનું પણ નોમીનેશન કરાયું હોઈ તમામ ભારતીયો માટે ગૌરવપ્રદ ઘટના છે. આ બંને નામોની પસંદગી થાય તે માટે ઈન્ટરનેટ પર http://nameexo worlds.iay.orgl systems/107 લીંક પર ક્લીક કરી વોટ આપવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત સમૂહ વોટીંગ માટે http:www.awgp. org પર લોગઈન કરવાથી માહિતી મેળવી શકાશે. આ પ્રક્રિયામાં કુલ ત્રણ વાર 'થેન્ક્યુ'નો મેસેજ આવે ત્યારે વોટ સંપૂર્ણ થયો ગણાય છે.

નવા તારાને તથા તેના ઉપગ્રહને કોઈ ભારતીયનું નામ અપાય તે ગૌરવપ્રદ ઘટના હોઈ તમામ દેશવાસીઓને વધુને વધુ વોટીંગ કરવા અનુરોધ કરાઈ રહ્યો છે. આ વોટીંગ માટેની છેલ્લી તારીખ ૩૦મી ઓક્ટોબર છે.



શહેરના સેક્ટર-૨-બી શ્રધ્ધા સોસાયટીના રહિશો દ્વારા ભવ્ય નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. આ નવરાત્રીમાં બાળકો, યુવાનો, મહિલાઓ સહિત સૌ કોઈ સાથે મળી ગરબે ઘુમ્યા હતા. નવ દિવસ ગરબે ઘુમનારા નાના બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# શરદપૂનમ સુધી નગરમાં મિની નવરાત્રીનો માહોલ

**રાસ-ગરબા સાથે ટેલેન્ટ શૉ જેવી સ્પર્ધાઓ અને સન્માન કાર્યક્રમો : ચાંદની રાતમાં દૂધ-પૌંઆના આનંદનો અવસર : સંસ્થાકીય આયોજનોના પગલે નવરાત્રીની ૧૨ વાગ્યાની લિમીટથી પડેલ ખોટ પુરાઈ રહી છે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં હજુ પણ નવરાત્રીનો માહોલ આથમવાનું નામ નથી લઈ રહ્યો. શરદઋતુના પ્રારંભ માટે ચાંદની રાતના સથવારે ઉજવાતા ઉત્સવ શરદપૂર્ણિમાએ રાસ-ગરબા યોજવાની પ્રથાના પગલે નગરમાં હજુ પણ 'મિની નવરાત્રી' જેવો માહોલ છવાયેલો છે. આ વર્ષે શરદપૂનમની તિથી અંગે અવઢવ પેદા થઈ હોવાથી સંસ્થાકીય આયોજનોમાં અલગ અલગ તારીખો જોવા મળી રહી છે. વળી, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પણ હવે ગરબાના કાર્યક્રમો યોજવાની હોડ જામી હોવાના કારણે દરરોજ રાત્રે ક્યાંક ને ક્યાંક ઢોલ ઢબૂકતા સાંભળવા મળી રહ્યાં છે.

આસો સુદ પૂનમની રઢિયાળી રાતે ભરપૂર ખિલતી ચાંદનીમાં શીતળ કરેલા દૂધ-પૌંઆ ખાવા સાથે રાસ-ગરબાનો આનંદ ભેળવવા હવે દરેક નગરજન આતુર હોય છે. નગરજનોના ગરબા પ્રત્યેના લગાવને જોઈ લગભગ તમામ સેક્ટરો-સોસાયટીઓમાં શરદપૂર્ણિમાના રાસ-ગરબાનું આયોજન હાથ ધરાય છે. તેમાં પણ હવે વિવિધ સામાજિક, શૈક્ષણિક અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાસ-ગરબાના કાર્યક્રમોનું આયોજન હાથ ધરાઈ રહ્યું છે. જો કે



સંસ્થાકીય ગરબાઓમાં વિવિધ સન્માન કાર્યક્રમો, ટેલેન્ટ શૉ, સ્પર્ધાઓ અને પારિવારિક ઉજવણીનો પણ સમાવેશ થતો હોય છે. આ વર્ષે સર્જાયેલ તિથીની પળોજણે આ પ્રકારના આયોજનોમાં દરેક સંસ્થાઓ સ્પર્ધા ટાળવાનો પણ મોકો ઉઠાવતા અલગ અલગ તારીખે આયોજનો હાથ ધર્યા છે. જેના પગલે શરદપૂનમના આગળ-પાછળના દિવસોમાં પણ નગરમાં રાસ-ગરબા યોજાવાથી 'મિની નવરાત્રી'નો માહોલ સર્જાયેલો જોવા મળી રહ્યો છે. જેનો ગરબા રસિકો તથા ખેલૈયાઓ ભરપૂર આનંદ ઉઠાવી રહ્યાં છે.

નવરાત્રી એ આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનું પર્વ ગણાય છે જ્યારે શરદપૂર્ણિમા એ કૃષ્ણ અને રાધાની રાસ-લીલાનું માહાત્મ્ય દર્શાવે છે. આદ્ય કવિ નરસિંહ મહેતાને મહાદેવજીએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું ત્યારે તેમણે રાધા-કૃષ્ણની એ અલૌકિક રાસલીલા જ નિહાળવાનું પસંદ કર્યું હતું. શરદપૂર્ણિમાના ઉત્સવમાં પણ રાસ-ગરબાનું સવિશેષ મહત્વ હોવાથી હવે પ્રતિ વર્ષ શરદોત્સવના આયોજનોમાં વધારો નોંધાવા લાગ્યો છે. રાસગરબાની સાથે સાથે શીતળ દૂધ-પૌંઆ અને અન્ય નાસ્તા-પાણી વગેરેના આયોજનના પગલે શરદોત્સવનાં આકર્ષણમાં વધારો થવા પામી રહ્યો છે. અનેક સમાજ મંડળો દ્વારા પણ હવે શરદપૂનમના રાસ-ગરબા સાથે સમાજના મેળાવડા યોજવામાં આવી રહ્યાં છે. આ બધુ જોતા એવું પ્રતિત થઈ રહ્યું છે કે નવરાત્રી ઉત્સવ ધીમા પગલે શરદપૂનમ સુધી લંબાઈ રહ્યો છે અને ગરબા રસિકો-ખેલૈયાઓ રાત્રે ૧૨ વાગ્યાની લિમીટથી ઉભી થયેલ કસર દિવસો લંબાવીને પૂરી કરી લેવાની ફિરાકમાં છે.

## હથિયાર લઈ હરવા ફરવા પર પ્રતિબંધ

અમદાવાદ, તા. ૨૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સંદર્ભમાં જાહેરમાં હથિયાર લઈને હરવા ફરવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

નગરપાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતોની સામાન્ય-પેટાચૂંટણીઓ ૨૦૧૫ દરમિયાન નર્દા જિલ્લામાં ચૂંટણી મુક્ત અને સરળપણએ યોજાય અને લોકો તેમનો મત ભયમુક્ત રીતે આપી શકે તે હેતુથી નર્મદા જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપકુમાર સાગલેએ તેમને મળેલી સત્તાની રુએ એક જાહેરનામા દ્વારા નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારના કોઈ વ્યક્તિને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ (૨)ની વ્યાખ્યામાં આવતું કોઈપમ હથિયાર ધારણ કરી જાહેરમાં હરવા ફરવા ઉપર ૨૩મી ઓક્ટોબરથી બીજી ડિસેમ્બર ૨૦૧૫ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.





ગરબે રમે આનંદે રમે... બ્રહ્મ સમાજ યુવા પરિવારના યુવક - યુવતીઓ શરદપૂનમની ઉજવણી નિમિત્તે ગરબે રમ્યા હતા. બ્રહ્મ ભવન ખાતે યોજાયેલ રાસ ગરબાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણ યુવક - યુવતીઓ અવનવી શૈલીમાં ગરબા રમ્યા હતા. પ્રથમ વખત યોજાયેલ ગરબામાં મોટી સંખ્યામાં ગરબાપ્રેમીઓ જોડાયા હતા.

# શિક્ષકોનું દિવાળી વેકેશન બગડ્યું

અમદાવાદ,તા. ૨૫

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ શિક્ષકો અને ઘણા સરકારી અધિકારીઓને વેકેશન પ્લાન ઉપર પણ પાણી ફરી વળ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં યોજાનાર છે જેના કારણે શિક્ષકોની વેકેશન યોજના ખોરવાઈ પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સાથે સાથે સરકારી અધિકારીઓને પણ ચૂંટણી માટે ગોઠવવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ દિવાળી વેકેશન માટે આશરે ૨૫ ટકા બુકિંગને રદ કરી દેવાની ફરજ પડી રહી છે. અમદાવાદ કલેક્ટોરેટના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં ચૂંટણી માટે પોલીસ ઉપરાંત ૨૩૦૦૦ કર્મચારીઓ તૈનાત કરવામાં આવનાર છે. આ કર્મચારીઓને બેથી ત્રણ દિવસની ટ્રેનિંગની પણ જરૂર પડશે જેના પરિણામ સ્વરુપે તેમની દિવાળી વેકેશનની યોજના ઉપર પાણી ફરી વળશે. ઘણા કર્મચારીઓ દ્વારા તો ટુર ઓપરેટરને ફોન કરીને તેમના બુકિંગને રદ કરવાની વાત કરી ચુક્યા છે.

સાથે સાથે રિફંડ પોલિસીની વાત પણ કરી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, મોટી સંખ્યામાં લોકો બુકિંગ રદ કરવાના નિયમોના સંદર્ભમાં પૂછપરછ કરી રહ્યા છે. કુલ બુકિંગ પૈકી ૭૦ ટકા બુકિંગ સરકારી કર્મચારીઓ કરાવી ચુક્યા હતા. સોમવારના દિવસથી બુકિંગ રદ કરવાના પ્રવાહમાં વધારો થઈ શકે છે. એણ માનવામાં આવે છે કે, આશરે ૧૫૦૦થી ૨૦૦૦ પરિવારો બુકિંગ રદ કરવાની દિશામાં આગળ આવી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આશરે ૧૦ જેટલા પરિવારો તો પહેલાથી જ બુકિંગ રદ કરાવી ચુક્યા છે. એવું પણ જાણવા મળ્યું છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પૂર્વકાઉન્સિલર તેમના પ્રવાસને રદ કરાવી ચુક્યા છે જ્યારે અન્ય પ્રવાસ રદ કરવાની તૈયારીમાં છે. ટ્રાવેલ એજન્ડ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સૂત્રોનું કહેવું છે કે, સરકારી અધિકારીઓ પણ બુકિંગ રદ કરાવવા આગળ આવી રહ્યા છે. કુલ બુકિંગ પૈકી ૨૫ ટકાથી વધુ બુકિંગ રદ થનાર છે. ટુર ઓપરેટરો અને સરકારી કર્મચારીઓને આ નુકસાન ઉપાડવું પડશે. સરકારી કર્મચારીઓને મોટી સંખ્યામાં ચૂંટણી ફરજ ઉપર ગોઠવવામાં આવનાર છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં ટિચરો અને સરકારી અધિકારીઓના વેકેશન પ્લાન પર પાણી ફરી વળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

## હેન્ડબિલ, પ્લેકાર્ડના મુદ્રણ પર નિયંત્રણો

અમદાવાદ,તા. ૨૫

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નગર પાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતોની સામાન્ય, પેટાચૂંટણી ૨૦૧૫ના જાહેર થયેલા ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ચૂંટણીને લગતા ચોપાનીયા-ભીંતપત્ર-હેન્ડબિલ-પ્લેકાર્ડ વગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવાની આવશ્યકતાને લક્ષમાં લઈ જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપકુમાર સાગલેએ તેમને મળેલી સત્તાની રુએ એક જાહેરનામા દ્વારા નર્મદા જિલ્લામાં સમાવિષ્ટ થતાં તમામ વિસ્તારમાં ૨૩મી ઓક્ટોબરથી બીજી ઓક્ટોબર ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિ જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, હેન્ડબિલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિદ્ધિ કરાવી શકશે નહીં.

# આર્થિક ધોરણે અનામતને કોંગ્રેસ ચૂંટણી મુદ્દો બનાવશે

અમદાવાદ,તા. ૨૫

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદથી કોંગ્રેસ અને ભાજપ દ્વારા પોતપોતાની રીતે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બેઠકોના દોર શરૂ થઈ ચુક્યા છે. એક બાજુ ગુજરાત કોંગ્રેસે જાહેરાત કરી છે કે, તે રાજ્યવ્યાપી સ્થાનિક ચૂંટણીઓ આર્થિક દરજ્જા ઉપર આધારિત અનામતના વચનના મુદ્દા પર લડશે. પટેલ, બ્રાહ્મણ, લોહાણા જેવી બિન અનામત જાતિઓને આર્થિક દરજ્જા આધારિત અનામત આપવાના વચન સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. કોંગ્રેસનું કહેવું છે કે, એસસી, એસટી અને અન્ય પછાત જાતિ માટે ૪૯ ટકાના અનામતને સ્પર્શ કર્યા વગર આ અનામતની વાત કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીનું કહેવું છે કે, જીવન જરૂરી ચીજવસ્તુઓના બેકાબૂ બનેલા ભાવ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં નિષ્ફળતા, ખેડૂતોના મુદ્દા, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મોંઘા શિક્ષણ જેવા મુદ્દાઓને પણ ચૂંટણી પ્રચારમાં મુખ્ય મુદ્દા બનાવશે. મોંઘવારીને રોકવામાં ભાજપની નિષ્ફળતાના મુદ્દાને મુખ્યરીતે ઉઠાવવામાં આવશે. કોંગ્રેસના રાજ્યપ્રમુખ ભરતસિંહ સોલંકી સંકેત આપી ચુક્યા છે કે, પાટીદાર જેવા રાજ્યના બિનઅનામત વર્ગોની વિકાસની જરૂરીયાતોને પહોંચી વળવામાં નિષ્ફતાના મુદ્દાને પણ ઉઠાવવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટી એવી માંગ પણ કરશે કે સરકાર વિધાનસભામાં એક એવું બિલ રજૂ કરે જેમાં ૧૫થી ૨૦ ટકા આર્થિક સ્ટેટસ આધારિત અનામત આપવાની જોગવાઈ રહે. જો ભાજપ સરકાર કરશે નહીં તો અમારી આગામી સરકાર આ કામ કરશે. સ્થાનિક ચૂંટણીઓને લઈને ભાજપ અને કોંગ્રેસ પાસે હવે ખુબ ઓછો સમય રહ્યો છે. આવી સ્થિતિમાં બંને પક્ષો પોતપોતાની તૈયારીઓમાં જોરદારરીતે લાગી ગયા છે. સ્થાનિક ચૂંટણીઓ બંને પક્ષો માટે પ્રતિષ્ઠા સમાન બની ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય ચૂંટણી પંચે જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રાજ્યની અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને સુરત મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત, ૫૬ નગરપાલિકાઓની સામાન્ય તથા નગરપાલિકા તેમજ તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટાચુંટણી માટે જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો.